**SET-4**

**Series JMS**

**Code No. 9**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | | |

- આ પ્રશ્નપત્રમાં **8** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **5** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે નું 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયના ઉત્તર પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 80*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 80*

## SECTION A
## [ Advanced Reading Skill ]

**1.** (અ) નીચેનો ગદ્યખંડ વાંચી. તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

હકનું સાચું મૂળ કર્તવ્યપાલનમાં રહેલું છે. જો આપણે બધા આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણે હકો મેળવવા બહુ દૂર નહીં જવું પડે. જો આપણી ફરજો બજાવ્યા વગર આપણે હકો પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે અને તેની પાછળ જેટલાં પડીશું તેટલાં તે આપણાથી દૂર ને દૂર રહેશે. જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક જેટલો પશુ-પંખીને છે. તેટલો જ સરખો હક મનુષ્યને છે અને દરેક હકની અને તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાનો જ હોય છે. તેથી પ્રાથમિક પાયારૂપ સમાનતાને સાચવવા સારું તેને લગતી ફરજો અને ઈલાજો શોધી કાઢવા જ રહયા. મારા અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે.

પ્રશ્નો :

(1) હકનું સાચું મૂળ શામાં રહેલું છે ?

(2) ફરજ બજાવ્યા વગર હક પાછળ દોડવાથી શું થાય છે ?

(3) જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક કોને કોને છે ?

(4) હક અને ફરજની સમાનતાને સાચવવા આપણે શું કરવું જોઈએ ?

(5) ઉપરોકત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી. તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા છે અને સારી માતાથી સારા પરિણામ અને નઠારાંથી નઠારાં પરિણામ અનુભવાય છે, ત્યારે સિદ્ધ થાય છે કે માતાની સદ્‌બુદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષોને સુશિક્ષણની જેવી અને જેટલી અપેક્ષા છે તેવી ને તેટલી જ અપેક્ષા સ્ત્રીઓને છે. જેથી એકની બુદ્ધિ સ્ફૂરિત થઈને વ્યવહારમાં કામ આવે તેવી બીજાની પણ તેટલી જ ઉપયોગી થાય છે. સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યસ્ત રાખવાની ટેવ તથા સર્વ વ્યવહારમાં દૂરંદેશીપણું એ બે ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત તેમની

કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેવી વધે તેવા શિક્ષણનો ઘણો ઉપયોગ હોવા છતાં સ્ત્રી-પુરુષ બંનેના વ્યાપાર સાધારણ રીતે જે જુદા હોવાથી સ્ત્રી-પુરુષની શિક્ષણ અમુક વય સુધી એક હોઈ શકે પણ પછી તે જુદું પડવું જોઈએ. સુશિક્ષિત માતાઓ આ રીતે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે જે દેશ પાયમાલ થયા છે તે દેશમાં સ્ત્રીશિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે. માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વેની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રી સન્માનની વૃદ્ધિ થાય તેમ કરવું જોઈએ.

પ્રશ્નો :

(1) ગૃહ સંસ્કારનો આધાર કોના ઉપર છે ?

(2) સ્ત્રી અને પુરુષોનાં વ્યાપારો-વ્યવહારો કઈ રીતે જુદાં પડે છે ?

(3) અમુક વય પછી અલગ સ્ત્રીશિક્ષણથી શા લાભ થાય છે ?

(4) દેશની પાયમાલી પાછળનું કારણ ક્યુ છે ?

(5) ઉપરોકત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(ક) નીચેનું કાવ્ય વાંચી. સમજી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

હું બસ ફરવા આવ્યો છું !
હું કયાં એકે કામ તમારું કે મારું
કરવા આવ્યો છું ?
અહીં પથ પર શી મધુર હવા
ને રહેરા ચમકે નવા નવા !
-રે ચહુ ના પાછો ઘેર જવા !
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્નમહીં
સરવા આવ્યો છું !
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બેચાર ઘડી
ને ગાઈ શકું બેચાર કડી

તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે

ધરવા આવ્યો છું !

હું તો બસ ફરવા આવ્યો છું !

પ્રશ્નો :

(1) કવિ ફરવા આવવા માટે કયુ પ્રયોજન કહે છે ?

(2) કવિ ફરતા ફરતા શું કરવા આવ્યા છે ?

(3) કવિ ફરતા ફરતા શું જુએ છે ?

(4) "પથ" અને "કર્ણ" શબ્દોના અર્થ લખો.

(5) ઉપરોક્ત કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

## SECTION B

### [ Effective Writing Skill ]

**2.** (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ ***એક*** પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. *8*

(1) બળબળતા જામ્યા બપ્પોર !

(2) હળતાલનો રોગચાળો

(3) એક ઐતિહાસિક સ્થળની મુલાકાતે

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો. *6*

રાજા મિડાસ – દેવદૂત સાથે મેળાપ – વરદાન માંગવા કહેવું – 'જેને સ્પર્શ કરે તે સોનાનું થઈ જાય' એમ માંગવું – દેવદૂતનું વરદાન – ભયંકર પરિણામો – ખાવા-પીવાનું સોનાનું – દીકરી પણ સોનાની – ખૂબ જ દુઃખી થઈ જવું – વરદાન પાછું લઈ લેવા પ્રાર્થના – બોધ.

(ક) તમારો મિત્ર "દિલ હૈ હિન્દુસ્તાની-2"માં ફાઈનલમાં પ્રવેશી ગયો છે. તો તેને શુભેચ્છા આપતો પત્ર લખો. *6*

**અથવા**

તમારે એક પ્રોજેકટ માટે "ગોપાલ નમકીન"ની ફેકટરી જોવા જવાનું છે. તો તે માટે ફેકટરીના મેનેજરને પત્ર લખો.

(ડ) "આ કોમવાદ ભારતને ભરખી જશે" વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટિકલ લખો. *5*

**અથવા**

"સ્વચ્છ ભારત, તંદુરસ્ત ભારત" વિશે જાહેરાત બનાવો.

## SECTION C

### [ Applied Grammar ]

**3.** (અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી, વાક્યપ્રયોગ કરો. *3*

(1) અછો અછો વાનાં કરવાં

(2) સોપાનો સર કરવા

(3) ચેન ન પડવું

(બ) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. *2*

(1) વનૌષધિ

(2) દેવર્ષિ

(ક) (1) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. *2*

(i) તે બરાબર ભણતો નથી. [વિધિવાક્ય બનાવો]

(ii) આ કામ તમારે પૂછ્યા વિના કરવું. [નિષેધવાક્ય બનાવો]

(2) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. *2*

(i) બે વાંસ ઉપર કોયલ બેઠી. [પ્રશ્નવાક્ય બનાવો]

(ii) ઈશ્વરની દુનિયા અચરજથી ભરેલી છે. [ઉદ્ગારવાક્ય બનાવો]

(ડ) લેખનરૂઢિ પ્રમાણે વાક્ય સુધારી ફરી લખો. *2*

(1) આખરે ભૂધર મેરાઈ પોતે જ આગળ આવી.

(2) એકવાર વિશ્રાંતિના સમયે શાળાનું મેદાનમાં બેઉ ઊભા હતી.

(ઇ) નીચેની કહેવતોનો અર્થ લખો. 2

(1) ભાવતું હતું ને વૈદે કીધું

(2) કડવું ઓસડ મા જ પાય

(ઈ) સૂચના પ્રમાણે કરો. 2

(1) તમારાથી અસત્ય ન બોલાય. [અનુગ શોધીને લખો.]

(2) સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. [નામયોગી શોધીને લખો.]

## SECTION D

### [ Literature – Text Book ]

**4.** (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 3

ભરજુવાનીમાં ઘરભંગ થયેલા રમઝુને બે વરસની મા-વિહોણી બાળકીની માતા થવું પડેલું. ઓઝત નદીને હેઠવાસને આરે રમઝુએ બાળકી સકીનાનાં બાળોતિયાં ધોયેલાં એ દશ્યની સાહેદી આપી શકે એવાં ઘણાં ડોસાં-ડગરાં તો ગામમાં હજી હયાત હતા. રમઝુને આ દુનિયામાં બે જ પાત્રો જોડે દિલ્લગી બંધાઈ ગઈ હતી : એક તો કુટુંબમાં પેઢી દર પેઢી વારસામાં મળતી આવેલી શરણાઈ અને બીજી મૃત પત્નીના સંભારણારૂપે સાંપડેલી સૂરજમુખીના ફૂલ જેવી સકીના. તેથી જ એણે પોતાના દિલ-દુનિયામાં ત્રીજા કોઈ પાત્રને પ્રવેશ કરવા દીધો નહોતો. કોમના માણસોએ ફરી નિકાહ પઢવાનો બહુ બહુ આગ્રહ કરવા છતાં જુવાન મીર પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો હતો.

પ્રશ્નો :

(1) ભરજુવાનીમાં રમઝુના જીવનમાં કઈ ઘટના બની ?

(2) રમઝુને આ દુનિયામાં કયા બે પાત્રો જોડે દિલ્લગી બંધાઈ ગઈ હતી ?

(3) રમઝુ મીરને ફરી નિકાહ પઢવાનો આગ્રહ કોણે કર્યો ?

(બ) નીચેનામાંથી કોઈપણ *બે* વિધાનો માટે કારણો આપાં. 4

(1) ડૉ. વર્ગીસ કુરિયને ત્રિભુવનદાસ પટેલને પોતાના ગુરુ બનાવ્યા, કારણ કે...

(2) કાન્તિ લાચાર અને નિર્બળ બની ગયો, કારણ કે...

(3) બલાઈએ કાકી પાસે શીમળાના વૃક્ષનો ફોટો મંગાવ્યો, કારણ કે...

(ક) નીચેનામાંથી કોઈપણ *બે* પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. 4

(1) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું ?

(2) જેઠીબાઈએ પોર્ટુગીઝ સરકારના જુલમની કહાણી પોર્ટુગલની રાણી સુધી કેવી રીતે પહોંચાડી ?

(3) અમથી મા કાળવી અને ગોરવીને કેવી રીતે રાખે છે ?

(ડ) નીચેનામાંથી કોઈપણ *એક* પ્રશ્નનો વિસ્તૃત જવાબ લખો. 4

(1) "પ્રયાણ" નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજનાં ચિત્રો વર્ણવો.

(2) "સૂરજ તો બધે સરખો" પાઠના લેખક આખરે ક્યાંય ન જવા માટે કેમ વિચારે છે ?

(3) "ઝબક જયોત" એકાંકીના આધારે માતૃહૃદયની વ્યથા આલેખો.

**5.** (અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 2

વંટોળાતી પવન-ડમરી થૈ ઠરીઠામ અંતે,
ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો.
હાંફી હાંફી વ્યથિત સઘળાં નીડ ઝૂલ્યા હવામાં,
આછા હેલે; પરણ પરણે ઊજળો રંગ કાઢ્યો.
તાતા તાપે ખદખદી રહ્યો રાફડો સાવ ધીરે,
ધીરે ચાલ્યો થડ પર ભીનાં ઝીણી લંગાર લૈને.

પ્રશ્નો :

(1) ફોરાં ઝરમર વરસ્યા ત્યારે પવન-ડમરીનું શું થયું ?

(2) દરમાં રહેતી કીડીઓ વર્ષાના આગમન પહેલા શું અનુભવ કરતી હતી ?

(બ) નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *2*

કાન, તારી મોરલીએ જી રે, ગરબો ઘેલો કીધો ... સમી સાંજની.

કાન, તારી મોરલીએ જી રે, સૈયરુંનો સાથ મેલ્યો ... સમી સાંજની.

કાન, તારી મોરલીએ જી રે, મા ને બાપ મેલ્યાં ... સમી સાંજની.

પ્રશ્નો :

(1) કૃષ્ણની મોરલી સાંભળી ગોપી કોનો સાથ છોડી દે છે ?

(2) 'મોરલી' અને 'સાંજ' શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

(ક) નીચેનામાંથી કોઈ ***એક*** પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. *2*

(1) "જીવન અંજલિ થાજો !" કાવ્યમાં કવિ શ્રદ્ધારૂપી દીપકને કદી ન ઓલવાય એવું કેમ કહે છે ?

(2) "દીવાનખાનામાં" કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે ?

(ક) નીચેનામાંથી કોઈપણ ***ચાર*** પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. *4*

(1) "મોરલી" કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.

(2) "જીવમાં જીવ આવ્યો" કાવ્યના કવિનું નામ શું છે ?

(3) "હાથ મેળવીએ" કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

(4) "તે બેસે અહીં" કાવ્યના કવિ કઈ રીતે આપેલ દાનને ઉત્તમ માને છે ?

(5) "હાઈકુ"માં કેટલા અક્ષરની કેટલી પંક્તિ હોય છે ?